
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી વીર સ્તુતિ ... | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ... | ૧૮૫ |
| ૨. | સુભાષિત મુક્તામાલા... | ( ,, ) ... | ૧૮૬ |
| ૩. | દો-લત ... ... ... | ( ભગવાનદાસ મ. મહેતા ) ... | ૧૮૯ |
| ૪. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... ... | ... | ૧૯૧ |
| ૫. | છ દ્રવ્ય યા પાંચ અસ્તિકાય અને કર્મસમૂહ | (રા. ચોકસી)... | ૧૯૫ |
| ૬. | પવિત્ર જીવનના સાધન ... | ( અનુ. અભ્યાસી ) ... | ૧૯૮ |
| ૭. | સોનેરી સુવાકયો ... | ..( સ. ક વિ. )... ... | ૨૦૪ |
| ૮. | સ્વીકાર અને સમાલોચના ... ... ... | ... | ૨૦૬ |
| ૯. | વર્તમાન સમાચાર ... ... ... ... | ... | ૨૦૮ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

જલદી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકાવાળું )

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**

શ્રી ગુણચંદ્રગણિકૃત—

### શ્રી મહાવીર ચરિત્ર ( ભાષાંતર )

**આવતા માસમાં પ્રગટ થશે.**

શુમારે ૭૦ ફારમનો ગ્રંથ, સુંદર ટાઇપ, સુશોભિત બાઈંડીંગ. સચિત્ર તૈયાર થાય છે. વધારે હકીકત હવે પછી. કિંમત રૂા. ૨-૮-૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६४. फाल्गुन. आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [ अंक ८ मो.

## શ્રી વીર સ્તુતિ.

જ્યારે જગમાં વૃદ્ધિ પામ્યો, દુષ્કર્મોનો અતિશય ભાર,
ત્યારે આ અવનિમાં આવ્યા, વીરજિનેશ્વર જગદાધાર;
વિશ્વતણું દારિદ્ર જ ભાંગે, વરસીદાનતણા દાતાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૧

કરી તપસ્યા ઘોર પ્રકારી, કર્મરિપુને માર્યો માર,
કેવળ દીપક પ્રગટાવીને, જગને દીધો આતમસાર;
સંઘ ચતુર્વિધ સ્થાપન કીધો, કર્મોને મિટાવણહાર;
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषित मुक्तामाला.

## ખરા આભુષણો.

**हस्तस्य भूषणं दानं, सत्यं कंठस्य भूषणम् ।**
**श्रोतस्य भूषणं शास्त्रं, भूषणैः किं प्रयोजनम् ।।**

હાથનું ભૂષણુ દાન છે, કંઠનું ભૂષણુ સત્ય વદવું તે છે, અને કાનનું ભૂષણુ શાસ્ત્રશ્રવણુ છે. પછી અન્ય ભૂષણોનું શું પ્રયોજન હોય ?

* * *

સુંદરતા વધારવા માટે અથવા આપણે આપણી જાતને સારી દેખાડવા-સુશોભિત દેખાડવા માટે શરીરને સ્વર્ણ આભૂષણોથી મઢીએ છીએ, પરંતુ વાસ્તવિક સુંદરતા કોને કહેવાય ? અને તે કેમ પ્રાપ્ત થાય તેનો વિચાર કરનારા બહુ ઓછા માણસો હોય છે અને તેથી અનેક મનુષ્યો સુંદરતાને આભૂષણુમાં ઢુંઢ્યા કરે છે. અત્ર સુભાષિતકારે યથાર્થ ભૂષણુરૂપ વસ્તુઓના

સંશય ભાંગે ભવ્યજનોના, બેસી સમવસરણુ મોઝાર,
ભવિક બોધવા પ્રશ્નો પૂછે, પ્રેમ ધરી ગૌતમ ગણુધાર;
સર્વ જીવો નિજનિજ ભાષામાં, પ્રભુવાણી સુણે શ્રીકાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૩

જન્મથકી વૈરી જંતુઓ, તે પણુ છોડી વૈર–વિકાર,
પ્રભુ પર્ષદામાંહી આવે, દેવ તીરિને બહુ નરનાર;
સાંભળે વીરની વાણી મનોહર, જાણે પુષ્કર વર્ષાધાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૪

ચૈત્ર શુકલ તેરશ મનોહારી, વીરજીકેરો જન્મ રસાળ,
વિભુ વીરની જન્મ જયંતિ, ઉજવીએ આપણુ સુખકાર;
રાજ નમે શ્રી વીરપ્રભુને, આ કાળે છેલ્લા અવતાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૫

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનિર્દેશ કરેલ છે તેને આપણે સહજ વિસ્તારથી અવલોકીએ.

* * *

હાથનું ભૂષણ શું છે ? હાથ શોભે શાથી ? ઘરેણાપ્રિય હશે તે કંકણ મુદ્રિકા આદિને આગળ ધરશે, પરંતુ તેમ નથી. એ તો માત્ર બાહ્યથી મન મનાવવાના ચાળા છે. ખોટો આત્મસંતોષ લેવાનો તે માર્ગ છે, પરંતુ ખરો રસ્તો જુદો જ છે અને તે દાનનો. અર્થાત્–જે હાથે દાન અપાતું હોય–સુપાત્ર-દાન, અભયદાન, અનુકમ્પાદાન, ઉચિતદાન ઈત્યાદિ દાનથી જે હાથ શોભતા હોય તે જ પ્રશંસનીય છે. તે જ હાથ સાર્થક છે અને તેની જ યશગાથા જગતમાં ગવાય છે; નહીં કે કંકણાદિ આભૂષણો પહેરનારની.

દાન દુર્ગતિને ચૂર્ણ કરે છે. સદ્‌ગતિના દ્વાર ખુલ્લા કરે છે. પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પાડે છે. ચોમેર કીર્તિને ફેલાવે છે અને દુશ્મનને પણ મિત્ર બનાવે છે. લક્ષ્મીને તો તે કિંકરી–દાસી બનાવે છે. તે માટે કહ્યું છે કે:–

**त्याग एको गुणः श्लाघ्यः किमन्यैर्गुणराशिभिः ।**
**त्यागाज्जगति पूज्यन्ते, पशुपाषाणपादपाः ॥**

અર્થાત્—એક ત્યાગ ગુણ–દાન ગુણ જ પ્રશંસનીય છે. અન્ય ગુણરાશિથી શું ? ત્યાગથી જગતમાં પશુઓ, પાષાણો અને વૃક્ષો પૂજનિક બને છે.

મતલબ કે દાન એ સર્વસુખ કરાવનાર હોઈ દાતા અને ગ્રહણ કરનાર બન્નેનું કલ્યાણ કરનાર હોઇ તેનાથી જ હાથની શોભા વધે છે–તે જ ભૂષણ છે.

* * *

કંઠનું ભૂષણ સત્ય વચન વદવું તે છે. અસત્ય બોલનાર મનુષ્ય, કંઠમાં ગમે તેવા મૂલ્યવાન હીરામોતીના હારને ધારણ કરે તો પણ તે શોભે ખરા કે ? નહીં જ. કારણ ? કારણ સ્પષ્ટજ છે કે તે અસત્યભાષી છે. તેથી વિરુદ્ધ કંઠમાં બીલ્કુલ આભૂષણ નહીં ધારણ કરનાર પણ જો સત્યવાન હશે તો જગત તેને પૂજશે–માન આપશે, અને વિવાદ વખતે તેને ન્યાયના અધીશઃ ન્યાયદેવ બનાવશે. તેનામાં સૌને પૂર્ણ વિશ્વાસ હશે. કહો, ઉપરના બેમાં કોણ શોભશે ? કોની સુંદરતા વધી જતી જણાશે ? કહેવું જ પડશે કે સત્યવાદીની જ પ્રતિષ્ઠા જગતમાં દિનપ્રતિદિન વધતી જશે. તેથી કંઠ એ હાર પ્રમુખ આભૂષણોથી નહીં, પરંતુ સત્યવચન વદવાથી શોભે છે. લૌકિકમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે કે–સત્યવાન યુધિષ્ઠિર ફક્ત એક જ પ્રસંગે માયાયુક્ત બોલ્યા હતા. ( તદ્દન સત્ય નહીં તેમ તદ્દન અસત્ય પણ નહીં. પ્રસંગ આ પ્રમાણે છે. યુદ્ધના પ્રસંગે અશ્વથામા નામનો હાથી મરી જતાં તે વિષે પ્રશ્ન પુછાય છે જવાબમાં યુધિષ્ઠિર नरो वा कुंजरो वा મનુષ્ય અથવા હાથી મૃત્યુ પામ્યો. ) આથી તેમનો રથ સ્ખલના પામ્યો, રથના ચક્રો નીચે ઉતરી ગયા તો પછી હલાહલ બોલનારના શા હાલ થાય ? વસુરાજાએ સત્યનું એકનિષ્ઠાથી પાવન કર્યું ત્યાં સુધી તેઓ અંતરીક્ષના આસન પર ( અદ્રશ્ય ) બેસી શકયા હતા; પરંતુ જ્યારે તેઓ ગુરુપત્નીના અત્યાગ્રહને વશ બનીને અસત્ય બોલ્યા કે તુરતજ અંતરીક્ષમાં રહેલા દેવોએ તેને જમીન પર પછાડયો અને મૃત્યુ પામી નરકગામી થયો.

મતલબ કે, સત્ય એ જ સર્વથી મહાન છે અને એ જ કંઠનું મહાભૂષણ છે. જ્યાં સત્ય હોય છે તે પક્ષે દેવો પણ અનુકૂળ રહે છે તો પછી મનુષ્યની તો વાત જ શી કરવી ?

* * *

કાનનું ભૂષણ શાસ્ત્રશ્રવણ કરવું તે છે. શૃંગારિક વચનો, અસત્ય વચનો, દ્વેષમૂલક વચનો, નિન્દા, વિકથા ઇત્યાદિ વચનો તો કેઇ કાળથી સાંભળતા આવ્યા છીએ અને હજુ પણ જો તે જ ચીલે ચાલીએ તો ભવચક્રના ફેરામાંથી ઘટાડો થવાને બદલે વધારો જ થવાનો. એક વખત ચૂકયા એટલે પાછા ચોરાશી ચૌટાના ચક્રાવામાં ગોથા ખાયા જ કરીએ પણ આરો આવે જ નહીં; એ ઘટાડવાનો ઉપાય તે શાસ્ત્રશ્રવણ છે. પરમ હિતકારી નિષ્કારણ ઉપકારી પરમ આપ્તજનરૂપ પૂર્વ મહર્ષિઓ ભાવીજીવોના ઉપકારાર્થે શાસ્ત્રરૂપ મહાન વારસો મૂકતા ગયા છે, તેથી એનું જેટલે અંશે શ્રવણ થાય તેટલે અંશે ભવરોગનું ઔષધ થાય. વૃત્તિઓ અંતર્મુખ થાય. આત્મદ્રવ્ય લૂંટનારા કષાય ચોરોની ઓળખાણ મળે છે. જગતભરના સર્વ સચરાચર પદાર્થોનું જ્ઞાન હસ્તામલકવત્ થાય છે. એ સર્વ પ્રભાવ સત્ શાસ્ત્રશ્રવણનો છે. કહો ભલા, આવો મહાન લાભ–આવા મહાન ભૂષણો જતા કરી નશ્વર એવા સોનારૂપાના આભૂષણોમાં કોણ ફસાય ? અને જે તેમાં ફસાય તેને ભાનસાન ભૂલેલ જ કહી શકાય ને ?

ઉપર દર્શાવેલા મહામૂલા અને અક્ષય આભૂષણોથી આપણે સૌ આપણા દેહને શોભાવીએ તો લેખનવાંચનની સાર્થકતા છે. અસ્તુ.

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દો–લત.

દોલત જબ જાતી આતી હે,
દો લત તબ જનકો લગાતી હે;
આતેં હી આગે લાત લગે,
જાતે ભી પીછે લાત લગે. ૧

જબહી જનકો દોલત મિલતી,
લત છાતી પરે તબહી મિલતી;
જિસસે અક્કડ બન ચાલત હે,
નભમેં નક્ષત્ર નિભાલત હે. ૨

અંખિયા હોતે ભી ન દેખત હે,
જગકો તૃણકી ઓર લેખત હે;
અપનેકું ઇશ્વર માનત હે,
દૂસરેકું પામર જાનત હે. ૩

લેપ ‘ સ્તબ્ધચિત્ત ’ લાગત હે,
નિજ નમ્રપના સબ ભાગત હે;
શૂલિરોપિત તસ્કર થાવત હે,
નિજ શીર્ષ ન લેશ નમાવત હે. ૪

સિંહ શાર્દૂલકી ઓર ગર્જત હે,
દીનદાસ જનોકો તર્જત હે;
સબ સભ્યપનાકો વિસર્જત હે,
નિજ નમ્રપના ભી વિવર્જત હે. ૫

ફિર જબહી રુષ્ટ બન જાતી હે,
આંખમેં ધૂલ દોલત ડાલતી હે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તબ લાત પૃષ્ઠ પર લગતી હૈ,
ગર્દન ભી જિસસે ઝુકતી હૈ. ૬

નયનો ધરણી ઓર ધારત હૈ,
જ્યું પ્રવેશ રસાતલ ચાહત હૈ;
મુખ શ્યામ તેજહીન બનતા હૈ,
જ્યું રાહુગ્રસ્ત શશિ દિખતા હૈ. ૭

દૌલતકી છક્કડ ઐસી લગે,
નિજ અક્કડતા સબ દૂર ભગે;
ફુક્કડતાકા ફૂરચા હી ઊડે,
બદનામીમેં નિજ નામ બૂડે ૮

લેપ 'સ્તબ્ધચિત્ત' સૂખત હૈ,
અબ નમ્રપના નહિં રૂખત હૈ;
સબકી આગેં શિર ઝૂકત હૈ,
કભી સભ્યપના નહિં ચૂકત હૈ. ૯

દૌલતકી દો લત ઐસી દિખો !
ઇસસે હૃદમેં યહ સાર લિખો;
દૌલતકો દો લત દો અપની,
જિસ દાનસે સોવે લંબ બની. ૧૦

ભગવાનદાસ મ. મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૧૬૭ થી શરૂ ]

## જૈન દૃષ્ટિએ આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

| શાપિત દેવ કે દેવીનું નામ | શાપનું સ્વરૂપ | પરિવર્ત્તિત શાપનું સ્વરૂપ | શાપ અને પરિવર્ત્તિત શાપનું રહસ્ય |
|---|---|---|---|
| બ્રહ્મા | મંદિર કે કોઇ પવિત્ર સ્થાનમાં અપૂજ્યતા. | બ્રહ્માની ભક્તિ બંધ પડતાં છતાં પણ ભક્તોને વિવિધ સુખો તેમજ બ્રહ્મામાં વિલીનતાની પ્રાપ્તિ. | બ્રહ્મા એ આત્માનું સ્વરૂપ છે. અંતરજ્ઞાન અને બુદ્ધિ એ તેની વિશિષ્ટ શક્તિઓ છે. બુદ્ધિ પ્રારંભમાં અંતરજ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્નકારી થાય છે અને એ રીતે આત્માનું અધઃપતનકારી નીવડે છે. બ્રહ્મા આથી વિશ્વના ઈશ્વર તરીકે અપૂજ્ય છે. આત્મા પોતાનો ભોક્તા હોવાથી આત્માની ઉપાસના કરનારા મનુષ્યો સર્વ સુખો મેળવે છે. આત્માની ઉપાસનાથી સંસારથી મુક્તિ પણ પ્રાપ્ત થાય છે. |
| ઇંદ્ર | રાજનગર અને પદવીનો વિનાશ. શત્રુઓથી અજ્ઞાત પ્રદેશમાં બંધન. | બંધનની ક્ષણિકતા અને પુત્રથી બંધન–મુક્તિ. | ઇંદ્ર એ જીવન છે. પરિસ્થિતિ અને મંતવ્ય અનુસાર તેની શક્તિમાં વધારો–ઘટાડો થયા કરે છે. કર્મબળો એ ઇંદ્રના શત્રુઓ રૂપ છે. ભૌતિક વસ્તુઓ એ અજ્ઞાત પ્રદેશ સમજવો. રાજનગર અને પદવીનો વિનાશ એટલે બંધન દશાની પ્રાપ્તિ. પ્રજ્ઞાથી જીવનની (આત્માની) બંધનથી મુક્તિ થાય છે. પ્રજ્ઞા એ આત્માના પુત્રરૂપ છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| અગ્નિ | શુદ્ધ અને અશુદ્ધ સર્વ વસ્તુઓનું ભક્ષકત્વ. (ભક્ષણ કરવાની શક્તિ). | સ્પર્શમાત્રથી અશુદ્ધ વસ્તુઓની શુદ્ધતા* | તપરૂપ અગ્નિથી પાપોરૂપ અશુદ્ધિનું દૂરીકરણ. |
| વિષ્ણુ | મૃત્યુલોકમાં જન્મ, શત્રુઓથી પત્નીનું હરણ અને અનુતાપ. | પત્નીની પુનઃ પ્રાપ્તિ. | વિષ્ણુ એ ધર્મ કે જ્ઞાનરૂપ છે. ધર્મ કે જ્ઞાન જનતામાં મૂર્તસ્વરૂપ લે છે. અજ્ઞાન એ ધર્મનો કટ્ટો શત્રુ છે. તે ઇંદ્રિયોદ્વારા વિષયાશ્રિત જ્ઞાનરૂપ વિષ્ણુની પત્નીનું હરણ કરે છે. જ્ઞાતા અને જ્ઞેયનો વિયોગ વસ્તુતઃ અશક્ય હોવાથી અને આત્માને મુક્તિની પ્રાપ્ત થાય તે પહેલાં સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી વિષયાશ્રિત જ્ઞાનરૂપ સ્ત્રીની પુનઃ પ્રાપ્તિ શક્ય છે એમ સિદ્ધ થાય છે. |
| શિવ | પુંસત્વનો વિનાશ | પુંસત્વનો નાશ થયા છતાં લિંગની પૂજા. | શિવ એટલે ઇચ્છાશક્તિ–ભૌતિક પદાર્થો સાથે સંલગ્નતાથી તેની સ્વાતંત્ર્યતા અને અપ્રતિકાર્યતાનો પ્રાયઃ વિનાશ થાય છે. લિંગ એટલે ઉત્પાદક શક્તિ. મનુષ્યો ઉત્પાદક શક્તિના ભક્તો છે. |
| લક્ષ્મી | ચંચલતા અને સ્થાનાંતરની નિરંતર પ્રાપ્તિ. | ... | લક્ષ્મી એટલે ધન કે સંપત્તિ. લક્ષ્મી સર્વદા ચંચલ છે એ સુવિદિત છે. |
| દેવપત્નીઓ | વંધ્યત્વ. | વંધ્યત્વથી અશોક. | દેવીઓ એ અમુક શક્તિઓ કે ગુણોરૂપ હોવાથી, દેવીઓને સંતતિની સંભાવના ન હોય, સંતતિની અસંભાવના માટે દેવીઓને શોક પણ ન હોય. |

* વૈરાગ્ય રૂપ અગ્નિથી પાપ અને પુણ્યનો સર્વથા ક્ષય થાય છે. પાપ અને પુણ્ય એ અગ્નિમાં સ્વાહા થઇ જાય છે. પાપ અને પુણ્ય બન્નેના વિનાશ બાદ જ આત્માને મુક્તિ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરનાં કોષ્ટક ઉપરથી બુદ્ધિનું સ્વરૂપ અને નિર્વાણની પ્રાપ્તિમાં તેની આવશ્યક્તા સ્પષ્ટ રીતે પ્રતીત થઇ શકે છે. બુદ્ધિ વિના મુક્તિની પ્રાપ્તિ અશક્ય છે એમ આદમના પુત્રો એબલ અને કેઇનનાં રૂપક ઉપરથી સિદ્ધ થાય છે. આ બન્ને ભાઇઓ સ્વભાવે એક બીજાના વિરોધી હતા. એ બન્ને એક બીજાના કટ્ટર શત્રુઓ હોવાથી નાના ભાઇએ મોટા ભાઇનું આખરે ખૂન પણ કર્યું હતું. કેઇન એટલે બુદ્ધિ (તર્કશક્તિ). કેઇન પોતાની શક્તિથી ભૌતિક વસ્તુઓના સંબંધમાં વિવિધ પ્રકારનાં અનુમાનો કર્યા કરતો હતો. આથી તેને ભૌતિક વસ્તુઓ( જમીન )ના ખેડૂત તરીકે ગણવામાં આવે છે. એબલ એ શ્રદ્ધાનું મૂર્તિમંત સ્વરૂપ હોવાથી તેનું લક્ષ સાહજિક રીતે ચેતના પ્રત્યે રહે છે. આથી તેને મેષ–સમૂહ( ચેતન )ના રક્ષક રૂપે ગણવામાં આવે છે. પરમાત્માનો શ્રદ્ધા પ્રત્યે કુદરતી રીતે પ્રેમ હોય છે. બુદ્ધિ ભૌતિક પદાર્થોનું સમર્પણ કરી શકે તેમ હોવાથી પરમાત્માનો બુદ્ધિ પ્રત્યે સદ્ભાવ ઓછો હોય છે. કેઇનની તર્કશક્તિ કરતાં એબલની શ્રદ્ધા પ્રભુને વિશેષ રૂચિકર છે. આથી બુદ્ધિ કોપાવિષ્ટ બનીને શ્રદ્ધાનું ખૂન કરે છે. બુદ્ધિનું સ્વરૂપ અંધશ્રદ્ધાથી છેક ભિન્ન પ્રકારનું છે. સર્વજ્ઞ પરમાત્માએ આપેલા અભિશાપથી બુદ્ધિનાં સ્વરૂપનું સુંદર નિદર્શન થઇ શકે છે. વિશ્વની સમસ્યા એ બુદ્ધિનું ને શોકનું કારણ થઇ પડવાથી બુદ્ધિ પ્રાયઃ ભૌતિક વિચારણામાં નિમગ્ન રહે છે. તર્કશક્તિને કારણે મનુષ્ય અનુભવ-પ્રાપ્તિ નિમિત્તે અનેક રીતે પરિભ્રમણ કરે છે. તર્કનિષ્ઠ મનુષ્યોને જુદાં જુદાં આશ્રયસ્થાનો શોધવાં પડે છે. સર્વ અનિષ્ટો બુદ્ધિથી પરિણમે છે અને એ રીતે બુદ્ધિને પુંશ્ચલી ( દુરાચારિણી ) પણ કહેવાય છે. *

કેઇને પ્રભુને ખૂબ વિનંતિ કરી એ ઉપરથી પણ તર્કશક્તિનાં સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. કેઇનને પધુ પડતી શિક્ષા થયાથી તેને અત્યંત સંક્ષોભ થયો હતો. તર્કશક્તિને પ્રાધાન્ય આપવાથી મનુષ્ય દુઃખ અને બંધન અવશ્યમેવ પ્રાપ્ત કરે છે. તર્કશક્તિનું સ્વરૂપ જ એવું છે કે વિવેકી પુરુષોને તર્કશક્તિ ઘૃણાપાત્ર લાગે છે. તર્કશક્તિથી મનુષ્ય જન્મમરણના અનંત ચક્રમાં અટવાય છે. આથી જ કેઇન કહે છે કેઃ—

“ જે મનુષ્ય મને શોધી કાઢશે તે મારો ઘાત કરશે. ”

* દોષનો સ્વીકાર કરતાં સામાન્ય રીતે બુદ્ધિનો વાંક કાઢવામાં આવે છે એમ શૉપનહોર કહે છે. બુદ્ધિનો દોષ કાઢી મનુષ્ય ઘણીયે વાર પોતાનો બચાવ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આત્માનું અધઃપતન થયા બાદ, અંધશ્રદ્ધાનો નાશ થયા પછી જો બુદ્ધિનો સદુપયોગ કરવામાં આવે તો તેથી ઇશ્વર સાથે ફરીથી એકતા થઇ શકે છે. પ્રભુ સાથે ફરીથી તદ્દાકારતા પ્રાપ્ત કરવામાં બુદ્ધિ એટલી જ ઉપયુક્ત થઇ પડે છે. બુદ્ધિથી આત્માની દિવ્ય સ્થિતિ સ્થાપિત થાય છે.

જે મનુષ્યો આત્માની અધઃપતનયુક્ત દશામાં બુદ્ધિથી સૂચિત થતાં પંથને નથી ગ્રહણ કરતા તેઓ સંસાર–અટવીમાં નિરંતર ભ્રમણ કરે છે. તેમના જન્મ–મરણના ફેરા ટળતા નથી. જન્મ–મરણ રૂપ અર્ઘટ-ઘટિકામાં તેઓ ફર્યા કરે છે. આથી જ પરમાત્માએ કહ્યું છે કેઃ—

" કેઇનનો જેઓ ઘાત કરશે તેમના ઉપર સાતગણું વેર લેવામાં આવશે. "

સર્વજ્ઞ પરમાત્મા પોતાથી મ્હોં છૂપાવવાનો પણ કેઇનને એક વખત નિર્દેશ કહે છે તે એક રીતે સાર્થક છે. પરમાત્માથી કોઇ રીતે કોઇ વસ્તુ ગુપ્ત નજ રહી શકે એ અર્થમાં કેઇન રૂપી બુદ્ધિનું ગુપ્ત રહેવું એ સર્વથા અશકય છે. સર્વજ્ઞતા અને બુદ્ધિ એ બન્ને એક જ વસ્તુનાં પરસ્પર વિરોધી દ્રષ્ટિબિન્દુઓ છે એ જ સાર પ્રભુનાં કથન ઉપરથી નીકળી શકે છે. બુદ્ધિરૂપ આત્માનાં વિકૃત સ્વરૂપને સર્વજ્ઞતાનો વિરોધ જ હોય. આત્મા જયાં સુધી વિકૃત અને અશુદ્ધ દશામાં હોય ત્યાં સુધી તેને સર્વજ્ઞતાની પ્રાપ્તિ ન જ થઇ શકે. આત્માની અશુદ્ધિઓનું નિવારણ થતાં, બુદ્ધિનું સ્થાન સર્વજ્ઞતા લઇ લે છે. દિવ્યતા અને બુદ્ધિનાં અસ્તિત્વ સમકાલીન ન હોય.

સેથ એ આદમનો ત્રીજો પુત્ર થાય છે. સેથ એટલે નિયુક્ત કરેલો. એબલનું ખૂન થયાથી તેનું સ્થાન સેથને આપવામાં આવ્યું હતું. સેથને એબલને સ્થાને નિયુક્ત કરવામાં આવ્યો હતો. એબલ એ અંધશ્રદ્ધાની પ્રતિમૂર્ત્તિ રૂપ હતો. તેનું સ્થાન સેથ રૂપી પ્રજ્ઞાએ લીધું. અંધશ્રદ્ધાનો નાશ થતાં પ્રજ્ઞાનો પ્રાદુર્ભાવ થાય છે એ સુવિદિત છે. યાહુદીઓ સેથને મેસીયાહ ( ક્રાઇસ્ટ ) તરીકે માને છે. ( Encycls.brit, II ED. Art Seth) સેથના પુત્રનું નામ એનોસ હતું. એનોસ એટલે મનુષ્ય. એનોસ પોતાને પ્રભુ કહેવરાવતો હતો.( See the marginee note to genesis, IV 26.)

' ઇષ્ટ અનિષ્ટનું જ્ઞાન એ શબ્દોના જુદા જુદા અર્થ ઘટાવાય છે. ' ઇષ્ટ અને અનિષ્ટ ' એ શબ્દો તુલનાત્મક છે એ સુવિદિત છે.* —( ચાલુ )

× વિશ્વની કોઈ વસ્તુ અનિષ્ટ નથી. સંબંધને અનુલક્ષીને કોઇ વસ્તુ અનિષ્ટ લેખાય છે. અનિષ્ટ વસ્તુઓને પણ ઉચ્ચ પ્રતિની ઇષ્ટ વસ્તુઓ સાથે સંબંધ હોય છે.–' Reason and Belief, ' by Sir Oliver Lodge, P. 140

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૭ દ્રવ્ય યા પાંચ અસ્તિકાય અને કર્મસમૂહ.

| ક્રમાંક | ૭ દ્રવ્યના નામ. | ૧ પરિણામીપણું | ૨ જીવપણું | ૩ મૂર્તિમંતપણું | ૪ સપ્રદેશીપણું | ૫ એકપણું | ૬ ક્ષેત્ર | ૭ ક્રિયાપણું | ૮ નિત્યહોવાપણું | ૯ કારણપણું | ૧૦ કર્ત્તાપણું | ૧૧ સર્વગતપણું | ૧૨ અપ્રદેશીપણું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાય. | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨ | અધર્માસ્તિકાય. | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | આકાશાસ્તિકાય. | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | જીવાસ્તિકાય. | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૫ | પુદ્ગલાસ્તિકાય. | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬ | કાળ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |

પુદ્ગલાસ્તિકાયમાં કર્મનો સમાવેશ થાય છે. એ વિષે અહીં વિસ્તારથી વિચારણા આવશ્યક છે. એ કર્મોના દળિયાના સંબંધથી જ આત્માને દેહરૂપી કેદખાનામાં પુરાઇ રહી, સંસારરૂપી રંગભૂમિ પર વિવિધ પ્રકારના અભિનયો કરવા પડે છે. આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સ્વસ્વભાવને ઢાંકી દેનાર પણ એ કર્મરાજ છે. એનો કાબૂ એટલી હદે આવી ગયેલ છે કે જેથી આત્મા ખોટાને ખરા તરિકે, જૂઠાને સાચા તરિકે, અથવા તો દોષને ગુણ તરિકે ઓળખે છે. ' क्रियते इति कर्म्म ' જીવ જે કંઇ હેતુ–ઇરાદા-વડે કરે તે કર્મ કહેવાય છે. મિથ્યાત્વાદિક હેતુઓવડે આત્મા યા જીવ પોતાની સાથે કર્મવર્ગણાનાં પુદ્ગલો બાંધે છે. અંજનચૂર્ણના ડાભડાની પેઠે નિરંતર પુદ્ગલે કરીને ભરેલા લોકને વિષે ક્ષીરનીરન્યાયે અથવા તો લોહાગ્નિન્યાયે કર્મપુદ્ગલોની વર્ગણાઓ જીવ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ અભ્યતંર હેતુઓવડે સંબંધ કરે છે, વા સંગ્રહે છે. કર્મરૂપી છે તેમ તેનો કરેલો ઉપઘાત અરૂપી એવા આત્માને થઈ શકે છે. એની પુષ્ટિમાં કહેવાનું કે જેમ મદ્યપાન કરનાર ડાહ્યો મનુષ્ય પણ એ મદ્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવથી મૂઢ સમ બની જઈ મતિક્ષય વહોરી લે છે તેમ અહીં પણ સમજવું. બ્રાહ્મી પ્રમુખ ઔષધિના સેવનથી વિકસ્વર બુદ્ધિવાળા થયેલા ઘણાને આપણે જોઈએ છીએ, એ એનું બીજું ઉદાહરણ. જો કે જીવ સમયે સમયે શુભાશુભ કર્મ બાંધે છે તેમ છોડે પણ છે, છતાં પ્રવાહથકી કર્મબંધ અનાદિ છે. કર્મબંધની આદિ માનવા જતાં એક સમયે જીવ કર્મરહિત હતો એ વાત સિદ્ધ થાય છે અને તેથી એ ન્યાય નીકળે કે કર્મરહિત જીવને જેમ પાછળથી કર્મો લાગ્યા તેમ સિદ્ધના જીવોને પણ કર્મ લાગી શકે આમ બનતું નથી જ. વળી એક વાર કર્મનો સર્વથા ક્ષય કરવા માત્રથી તો સિદ્ધિની પ્રાપ્તિ થઈ, મુક્તદશા પમાઈ અને પુનઃ કર્મબંધનો સંભવ હોય તો એ મુક્તિની કિંમત શી ? કર્મોથી મુકાણા ગણાયજ શી રીતે ? એવી સિદ્ધ અવસ્થાનો કંઈ અર્થ જ નથી રહેતો; એટલે એ સહજ સમજાય તેમ છે કે કર્મનો સંબંધ જીવ સાથે અનાદિકાળથી છે અને એમાંથી છૂટવાના પ્રયત્નો એનું નામ જ જીંદગી છે. સર્વથા મુકાયા બાદ પુનઃ તેનો યોગ થવાનો સંભવ નથી જ.

અનાદિ સંયોગનો વિયોગ તો પછી કેમ થાય ? આ પ્રશ્ન સંભવિત છે. વિચારતાં એનો ઉકેલ થઈ શકે છે કે અનાદિ સંયોગવાળા કંચન અને ઉપલ( પાષાણ )નો પણ સામગ્રીવડે વિયોગ કરી શકાય છે, તેવી જ રીતે ભવસ્થિતિના પરિપાકથી તથાવિધ સામગ્રીવડે કર્મોનો જીવ વિયોગ કરી શકે છે. સદંતર વિયોગ પછી પુનઃ યોગ ન જ સંભવે. કર્મબંધના હેતુઓ ચાર છે (૧) અતત્ત્વ શ્રદ્ધારૂપ મિથ્યાત્વ (૨) ક્રોધાદિક કષાયોની ચોકડી. (૩) અસદ્દાચાર પ્રવૃત્તિ (૪) મનાદિ યોગોનુ છૂટાપણું. કર્મક્ષયના હેતુઓ ત્રણ પ્રકારે (૧) તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન (૨) તત્ત્વજ્ઞાન થવું (૩) તત્ત્વઆચરણા ( ચારિત્ર અને તપરૂપ ) એટલે કે સમ્યગ્ દર્શનજ્ઞાનચારિત્રરૂપ રત્નત્રયીનું અવલંબન. કર્મનો બંધ ચાર રીતે થાય છે. (૧) પ્રકૃત્તિબંધ=કર્મના સ્વભાવરૂપ (૨) સ્થિતિબંધ=કાળમાનરૂપ (૩) અનુભાગબંધ=શુભઅશુભ રસના તીવ્ર મંદપણારૂપ (૪) પ્રદેશબંધ=કર્મપુદ્ગલના દળિયા સંચયરૂપ કર્મની મૂળ પ્રકૃત્તિ યાને મોટા ભેદ આઠ છે.

૧. જ્ઞાનાવરણીય–એનો સ્વભાવ જ્ઞાનશક્તિ પર પડદો ધરવારૂપ છે; જેમ આંખે પાટો બાંધેલો માણસ કોઈ પદાર્થ જોઈ શકતો નથી તેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને 'જ્ઞાનાવરણીય' કર્મરૂપી પડદો આત્માની ઉપર આચ્છાદિત થયેલો છે તેનું જ્ઞાન ઢંકાયેલું રહે છે.

૨. દર્શનાવરણીય–આને દરવાનની ઉપમા અપાઇ છે. રાજાની મુલાકાત કરવામાં જેમ દરવાન વિઘ્નરૂપ થાય છે તેમ આ કર્મ વસ્તુતત્ત્વને જોવામાં બાધક થાય છે.

૩. મોહનીય–આ કર્મ મદિરા સમાન છે. મદિરાથી બેભાન થયેલો માણસ જેમ ભાન ભૂલી યદ્વાતદ્વા બકે છે તેમ મોહથી મસ્ત બનેલ માણસ કર્ત્તવ્યાકર્ત્તવ્યને સમજી શકતો નથી.

૪. અંતરાય–રાજાના ભંડારી જેવું આ કર્મ છે. રાજવીની ઇચ્છા દાન દેવાની હોવા છતાં ભંડારી બ્હાના બતાવી દ્રવ્ય છોડે નહીં, તેમ આ કર્મ શુભ કાર્યોમાં વિઘ્નભૂત થયા જ કરે છે.

નોટઃ—આત્માના મૂળગુણોને ઘાત કરનારા ઉપરના ચાર કર્મો છે તેથી એ ઘાતીકર્મ કહેવાય છે. નીચેના ચાર અઘાતી ગણાય છે.

૫. વેદનીય–મનુષ્યને સુખદુઃખનો અનુભવ થાય છે તે આ કર્મને આભારી છે. સુખ એ શાતાવેદનીય કર્મનું પરિણામ છે અને દુઃખ એ અશાતાવેદનીય કર્મનું પરિણામ છે. મધ લગાડેલા ખડ્ગને ચાટવાનું ઉદાહરણ એના સંબંધમાં અપાય છે.

૬. આયુષ્ય–જીવન ટકાવનાર કર્મ તે આયુ. હેડની ઉપમા તેને અપાય છે. જેમ મુદ્દત પૂર્ણ થયા વિના બેડીના બંધન છૂટતા નથી તેમ ચાર ગતિરૂપ બંધન આ કર્મના ક્ષય વિના નષ્ટ થતાં નથી.

૭. નામકર્મ, કુંભારકૃત ઘડા સમાન આ કર્મનો સ્વભાવ કોઈ ઘટ ગંગાજળ ભરવામાં વપરાય તો કોઈ દારૂ ભરવામાં; તેમ સારી ગતિ, સારૂં શરીર, પૂર્ણ ઇંદ્રિયોની પ્રાપ્તિ એ શુભાશુભ કર્મના ઉદયથી થાય અને ખરાબ શરીર, હીન ઇંદ્રિયો વિગેરેમાં અશુભ નામકર્મનો હાથ.

૮. ગોત્રકર્મ–કુલીનતા કે કુલહીનતા થવામાં આ કર્મ ભાગ ભજવે છે. એની સરખામણી ચિત્રકાર સાથે કરી શકાય. સારા ચિત્રો દોરે તેમ ખરાબ ચિત્રો પણ દોરે તેથી શુભ કર્મથી ઉચ્ચ ગોત્ર અને અશુભ કર્મથી નીચ ગોત્ર એ તો જેવું વાવેલું તેવું લણવાનું. ( ચાલુ )

( રા. ચોકસી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પવિત્ર જીવનના સાધન.

અનુ—અભ્યાસી ( ભાવનગર ).

આપણું કર્ત્તવ્ય છે કે આપણે દરેક કાર્ય પ્રભુની ઇચ્છા સમજીને જ કરવું. એ પ્રકારની ભાવના કરતાં કરતાં આપણે જોશું કે આપણું આખું જીવન પ્રભુ સેવામય થઈ રહ્યું છે. એ ભાવનાથી આપણા બધાં કાર્યો પવિત્ર થતાં જશે, જેની ખૂબ જ જરૂર છે. જો આપણી અંદર એ ભાવના નહિ આવે તો આપણી પ્રાર્થનાનો પણ કંઈ ખાસ વિશેષ અર્થ નહિ રહે. જે વ્યક્તિ કેવળ પ્રશંસા ખરીદવા માટે જ પ્રાર્થનામાં સામેલ થાય છે અથવા દાન આપે છે એની અંદર આપણે જોશું કે એ ભાવના તેની અંદર તિરોહિત થઇ રહેલી છે. તેના બધાં કાર્યો પ્રાયે કરીને દંભ તથા પાખંડથી આચ્છાદિત થઇ જશે અને જ્યાં પાખંડ હોય છે ત્યાંથી વાસ્તવિકતા કેટલી દૂર જશે એ સૌ કોઇ જાણે છે. જ્યાં પ્રભુની ઇચ્છાને કારણ સમજવામાં આવે છે તથા એના નામે બધાં કાર્યો કરવામાં આવે છે ત્યાંના આનંદનું તો કહેવું જ શું ? માલીકની મરજીને પોતાની મરજી બનાવી લેનાર સત્પુરૂષને ધન્ય છે, એના સદ્‌ભાગ્યનું શું કહેવું ? અહો ! એ દિવસ કેટલો સુંદર કે જે દિવસે આપણી ભાવનાઓ એવી થઈ જશે.

પશુઓ કોઇ પણ કાર્યના પરિણામ નથી જાણતા, મનુષ્ય જાણી લે છે. મનુષ્ય અને પશુમાં એ જ મુખ્ય ભેદ છે. જે મનુષ્ય શુભ પરિણામવાળા કાર્યો કરે છે તેને જ સત્પુરૂષ કહેવામાં આવે છે, એથી વિપરીત કરનારને અસત્પુરૂષ કહેવામાં આવે છે. સારા અને ખરાબ માણસોમાં કેવળ એટલું જ અંતર છે. બે વ્યક્તિ પ્રાર્થના કરે છે. એકને એનાથી શાંતિ મળે છે, બીજાને એનાથી કશો લાભ નથી થતો. એનું શું કારણ ? કારણ એ જ છે કે એક સાચા દિલથી પ્રાર્થના કરે છે બીજો કેવળ દેખાવ ખાતર કરે છે. એકની પ્રાર્થનામાં તેની બધી ઇચ્છાઓ, બધી ભાવનાઓ, બધા પ્રેમનું અવલંબન હોય છે. એ મંગળમય પ્રભુ બીજાને મન કશું નથી, એ તો કેવળ મુખથી પ્રાર્થનાના શબ્દોનું ઉચ્ચારણ માત્ર કરે છે. એનું મન તો કોણ જાણે કયાંય ભમતું હોય છે એની ભાવનાઓ કોણ જાણે કયાંય ચક્કર મારતી હોય છે. એની પ્રાર્થનામાં કોઇ જાતની દિલચસ્પી નથી હોતી, એ તો માત્ર મોટાઇ પામવા ખાતર જ સર્વ કંઇ કરે છે. પછી એને પ્રાર્થનાથી કશો પણ લાભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન થાય તો એમાં આશ્ચર્ય શું ? નાટકના પાત્રોના જુઠા આંસુઓથી આપણું હૃદય ખરેખરી રીતે કદી પણ દ્રવિત થાય છે ? આપણે જાણીએ છીએ કે એ બધું કલ્પિત છે. એથી એનું કંઈ પણ મૂલ્ય નથી. વાસ્તવિકતાની તો કોઇ જુદી જ વાત છે. ઇશ્વરની સાચા દિલથી પ્રાર્થના થવી જોઇએ. ગભરાવાની જરૂર નથી, વિશ્વાસ તેમજ શ્રદ્ધાની જ ત્યાં આવશ્યકતા છે.

પરંતુ એ સર્વાન્તર્યામીના દરબારમાં ઢોંગને સ્થાન નથી. ત્યાં તો સાચા આંસુ જોઇએ; દેખાવ નહિ.

કોઇ વ્યક્તિ બીમાર પડેલ છે. એક વ્યક્તિ સેવાના દૃષ્ટિકોણથી તેની સેવા કરે છે, બીજો કોઈ લાભની આશાથી અથવા દેખાવ ખાતર કરે છે. સેવા તો બન્ને કરે છે, પરંતુ બન્નેની સેવામાં આકાશ જમીન જેટલું અંતર છે. એકની સેવા ખરી સેવા કહેવાશે, બીજાની નહિ. ઊંચી અને નીચી ભાવનાઓનો એવો જ તફાવત છે.

આ મનુષ્યદેહ પામીને પણ જો આપણે એને વ્યર્થ ખોઇ નાખીએ તો પછી એ પ્રાપ્ત કરવાથી શો લાભ ? આ શરીરને રત્નચિંતામણિ કહેવામાં આવે છે, કેમકે એ દ્વારા આપણે આપણા સર્વોચ્ચ લક્ષ્ય પ્રભુસાક્ષાત્કાર સુધી પહોંચી શકીએ છીએ, આ અમૂલ્ય શરીર અને જીવન આપણે નકામું ગુમાવી બેસીએ તો પછી આપણા જેવા અભાગી કોણ ગણાય ?

કોઇ પણ બુદ્ધિમાન વ્યક્તિ ન જ ઇચ્છે કે આવું અમૂલ્ય જીવન સાંસારિક પ્રપંચો, વિષયભોગોમાં ગુમાવી દેવું. તેથી ખાસ જરૂરનું છે કે આ જીવનની દરેકે દરેક ક્ષણનો આપણે સદુપયોગ કરવો જોઇએ. પાપથી સર્વથા દૂર રહેવું જોઇએ. સન્માર્ગે ચાલવું અને હંમેશાં આપણું જીવન પવિત્રતાપૂર્વક ગાળવું. એ માટે પવિત્ર વિચારોની ખૂબ જ આવશ્યકતા છે. આપણા વિચારો જેવા હોય છે તેવા જ આપણે બનીએ છીએ. આપણા વિચારો પવિત્ર હશે તો આપણું જીવન પવિત્ર થવામાં કશો સંદેહ નથી. આપણા મસ્તિષ્કમાં કોઇ પાપવાસના નહિ આવે તો પછી તેને ચરિતાર્થ થવાની વાત જ કયાં રહી ? એથી કરીને શરીર માટે જેટલી આત્માની જરૂર છે, વૃક્ષ માટે જળની જેટલી જરૂર છે, સંસાર માટે સૂર્યની જેટલી જરૂર છે તેટલી જ જરૂર મનુષ્યના વાસ્તવિક કલ્યાણ માટે પવિત્ર વિચારોની છે. જે વ્યક્તિના વિચાર પવિત્ર નથી હોતા તેના બધા કાર્યો બિનજરૂરી પાપોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ હોય છે. વિચારોને અનુકૂળ જ કાર્ય થાય છે અને કાર્ય અનુસાર જ ફળ મળે છે. ખરાબ કાર્યોનું ફળ ખરાબ હોય છે અને સારા કાર્યનું ફળ સારૂં હોય છે. આ નિયમનો વ્યતિક્રમ નથી થતો. બાવળ વાવીને આંબો કયાંથી થાય ? વિચારો, કાર્યો અને ફળનો અત્યંત ગાઢ સંબંધ છે. એમાં વિચારોનું સ્થાન સર્વોચ્ચ છે, તેથી જો આપણે ઇચ્છતા હોઇએ કે આપણાં કાર્યોનું પરિણામ સારૂં આવે તો સૌથી પહેલું આપણું કર્તવ્ય છે કે આપણે આપણા વિચારો સારા બનાવવા, વિચારોને પવિત્ર બનાવવાની ખૂબ જ જરૂર છે.

**વિચારો પવિત્ર બનાવવાના ઉપાય.**

કોઇ પણ કાર્ય કરવા પહેલાં તેના પરિણામનો સારી રીતે વિચાર કરી લ્યો. એટલું ખૂબ વિચારો કે–તમે એ કાર્ય શામાટે કરી રહ્યા છો ? તેનું સારૂં પરિણામ પ્રાપ્ત કરવા માટે જે ઉપાય વિચારી રહ્યા છો તે યોગ્ય છે કે નહિ, તેના પરિણામમાં ખરેખરી રીતે તમારૂં હિત છે કે નહિ તે સઘળી વાતો ઉપર ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરો. વગર વિચાર્યું કોઇ કામ ન કરો; નહિતો નિશ્ચિત માનજો કે છેવટે તમારે પસ્તાવું પડશે.

કોઈ મહાકાર્યની શરૂઆતમાં મંગળમય પ્રભુનું સ્મરણ અવશ્ય કરો. એનાથી એક તો એ થશે કે આપણે કોઇ પણ કાર્ય ઈશ્વરની આજ્ઞા વગર નહિ કરીએ. બીજું પ્રભુ આજ્ઞાને આપણે વધારે મહત્ત્વ આપતા શીખશું

એ રીતે નિષ્કામ કર્મ અને કર્મફળત્યાગ તમે શીખશો. ત્રીજું જે કાર્યમાં આપણે પ્રભુને સનમુખ રાખશું તે સારૂં જ હોવું જોઇએ કેમકે કોઈપણ અશુભ અથવા અપવિત્ર કાર્ય કરતી વખતે આપણે પરમેશ્વરનું નામ લેતા અચકાઇએ છીએ, આપણો અંતર આત્મા આપણને રોકે છે તેથી અમંગળ કાર્યોમાં આપણને પ્રભુનો સાથ નથી મળતો. જો આપણે કોઇ એવી જાતનું કાર્ય કરીએ છીએ તો આપણને ઘણી શરમ આવે છે. જો એ વખતે કોઇ ઇશ્વરનું નામ લઇ બેસે છે તો આપણે કંપી ઉઠીએ છીએ. એટલા માટે એ વખતે આપણે પ્રભુનું નામ લેવા ઇચ્છતા નથી. જે કાર્યની શરૂઆતમાં આપણને ભગવાનનું નામ લેવામાં શંકા આવે તે કાર્ય તરતજ છોડી દેવું જોઇએ. એ કાર્ય પવિત્ર નથી સારા કાર્યોમાં આપણું હૃદય હંમેશાં નિર્ભય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. તેથી આપણે દયાળુ પરમેશ્વરને તે માટે પ્રાર્થના કરીએ છીએ. આપણુને તે કાર્ય માટે તેના આશીર્વાદની સંપૂર્ણ આશા હોય છે અને તેની કૃપા પર દૃઢ વિશ્વાસ રાખવાથી આપણે જોઇએ છીએ કે આપણુને નિરાશ થવું પડતું નથી, માટે તેના પર વિશ્વાસ રાખો. વિશ્વાસ વગર કશું પણ બનતું નથી.

પ્રત્યેક કાર્યની શરૂઆત કરતી વખતે મંગળમય ભગવાનની સાચા દિલથી પ્રાર્થના કરો. જેના ફળરૂપે તે કેવળ આશીર્વાદ આપશે; એટલું જ નહીં પણ તમારા કાર્યને પૂરેપૂરું પવિત્ર બનાવી દેશે. તમારા વિચારો, તમારી ભાવનાઓ અને તમારા કાર્યોને પવિત્રતાની તરફ લઈ જાઓ, એવી પ્રાથના સાથોસાથ એક કાર્ય બીજું પણ કરો.

એટલું હંમેશાં યાદ રાખો કે પવિત્ર અને શુભેચ્છાઓની સાથે જે કાર્ય કરવામાં આવે છે. તે માલીકને સમર્પણ કરવા માટે સર્વોત્તમ ગણાય છે. જે ઇશ્વર પવિત્રમાં પવિત્ર છે તેને કોઇ મલીન વસ્તુ કઈ રીતે ભેટ કરી શકાય? તેનાં મંદિરમાં તો કેવળ પવિત્ર વસ્તુઓ જ ચડાવી શકાય–તેને માટે તો શુદ્ધ ભેટ જ જોઈએ.

જ્યારે આપણે કોઈ વસ્તુ કોઇને અર્પણ કરી ચૂકીએ છીએ, ત્યારે પછી તે વસ્તુનું સંરક્ષણ કરવું તે તે વ્યક્તિનું કર્તવ્ય બની જાય છે. સમર્પણ કરનાર તો પોતાનું કામ કરી ચૂકે છે. તેની રક્ષા કરવા તે જવાબદાર નથી. તેવી રીતે જો તમે તમારૂં કાર્ય એ માલીકની સેવામાં અર્પણ કરી દેશો તો પછી તે માલીકના આલંબને તે કાર્ય છેવટ સુધી પહોંચશે. છતાં તે છેવટ સુધી પહોંચે કે ન પહોંચે તેની સાથે તમારે કાંઇ લેવાદેવા નથી. તમે તો તમારી ફરજ બજાવી ચૂકયા છો. તમારે એ માટે પ્રસન્ન અથવા દુઃખી થવાની આવશ્યકતા નથી.

કાર્ય કરતાં કરતાં જ્યારે જ્યારે સમય મળે ત્યારે તમારી પ્રાર્થના શરૂ રાખો. તેનું ખૂબ સ્મરણ શરૂ રાખો. કાર્ય કરતાં કરતાં એમ ન ધારો કે તે કાર્ય કરનાર હું છું. એ તો દયાળુ પરમેશ્વર જ છે. તમે તો કેવળ નિમિત્ત-માત્ર છો. સાચા સેવકની માફક પૂરેપૂરી લગ્નીથી–દૃઢ ચિત્તથી તેમાં મંડ્યા રહો. માલીકની મરજીને તમારી મરજી બનાવી દયો. પ્રભુના ખરા સેવકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની ઈચ્છા હોતી જ નથી, તેને તો પોતાની બધી ઈચ્છાઓ તથા બધી કામનાઓનું દમન કરવું પડે છે. માલીકની સેવા ખાતર તેણે પોતાનું અસ્તિત્વ ભૂલી જવું પડે છે કેમકે આપખુદી, અહંકાર, અભિમાન વિગેરે હૃદયમાં હોય ત્યાં સુધી કોઇ પણ કામ ખરા દિલથી થઈ શકતું નથી. માટે આત્મ-કલ્યાણ માર્ગના મુસાફરોએ પોતાના હૃદયમાંથી અહંકારને ફેંકી દેવો જોઈએ. આપખુદીને બાળી મુકવી જોઈએ. સફળતાની એ મહાન ચાવી છે.

જો તમારે સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તમે તમારી જાતને ભૂલી જાઓ. હું કરૂં છું એવો અહંકાર કાઢી નાખો. જે કામ ઉપાડો તેમાં તમારા અસ્તિત્વને ડુબાવી દો જેથી કર્તા ને કાર્યમાં કશો પણ ભેદ ન રહે. સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા સુદ્ધાં કામ કરતાં કરતાં ભૂલી જાઓ. પછી જુઓ કે સફળતા તમારી પાસે આવ્યા વિના રહેશે નહીં, આપખુદીને ભુલી જાઓ તો પ્રભુ થઇ શકશો.

કાર્યની વચમાં એટલું ન ભૂલી જાઓ કે તમે એ કાર્ય પ્રભુને સમર્પણ કરી ચૂકયા છો. એ રીતે જો જરા પણ માર્ગ ચૂકયા તો ભારે અનર્થ થાશે. એ માર્ગભ્રષ્ટ હોવાનું પરિણામ ઘણું ભયંકર આવશે. કલ્યાણમાર્ગમાં અનેક અડચણો આવશે, તો તમારે ધ્યાન આપવું જોઈએ કે એ અડચણો તમને તમારા માર્ગથી ભ્રષ્ટ ન કરે. આ વિષયમાં ખૂબ સાવધાન રહેવાની જરૂર છે. ધ્યાન રાખવું જોઈએ કે પોતાનું લક્ષ્ય ન ભૂલી જવું. તમારે તમારા ધ્યેય પર પહોંચવાનું છે, ત્યાં પહોંચીને વિશ્રામ લેવો.

કાર્ય કરતાં કરતાં વચમાં કોઈ આકસ્મિક ઘટના બની જાય તો તેનાથી તમને કોઇ લાભની આશા હોય તો પણ કાંઈ પણ લાભ લેવાનો પ્રયત્ન ન કરો. જો કોઈ પણ પ્રલોભન તમારા માર્ગમાં આવી જાય તો ભૂલ્યે ચૂકયે પણ તેનાથી લલચાઇ ન જતાં. પ્રલોભન તમારો સર્વનાશ કરશે. તેને વશ થવાથી તમને કોઇ પણ જાતનો ખરો લાભ નહીં થાય. તેના ઉપર વિજય પ્રાપ્ત કરો ધર્મનાં પ્રત્યેક કાર્યમાં તેના બધા મદદગાર સાધનોને ભેગા કરો. તેમાંથી જરૂર પડે કદાચ તમારે એકાદ સાધન છોડવું પડે તો બીજા મદદગાર સાધનો તમને કર્તવ્ય માર્ગ ઉપર મજબૂત બનાવી રાખશે તેનાથી તમને કાંઇ બહુ નુકશાન નહીં થાય.

જે વસ્તુ જેટલી વધારે મૂલ્યવાન હોય છે તેને માટે તેટલો જ વધારે ત્યાગ કરવો પડે છે, એટલું જ વધારે મૂલ્ય આપવું પડે છે. માટીનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ ઘડો કેવળ મામુલી વસ્તુ છે તેથી તે આપણને એક બે પૈસામાં મળી જાય છે. પરંતુ આપણે તે રીતે એક હીરાનું મૂલ્ય આંકી શકતા નથી. માટીના ઘડાની અપેક્ષાએ એક હીરાનું મૂલ્ય લાખોગણું વધારે હોય છે તો તેને માટે આપણે હજારો રૂપિયા આપવા પડે તો તેમાં કાંઇ નવાઇ નથી. જે સ્થાન જેટલું વધારે દૂર હોય છે તેમાં તેટલા જ વધારે કાંટાઓ આવવાનો સંભવ રહે છે. તેવી જ રીતે રાજાઓનો પણ રાજા સર્વ શક્તિમાન પરમેશ્વરનું મૂલ્ય કોણ આંકી શકે ? એવી અમૂલ્ય વસ્તુને માટે આપણે વધારે ત્યાગ કરવો અનેક મુશ્કેલીઓ વેઠવી પડે, અનેક દુઃખ સહન કરવા પડે તેમાં આશ્ચર્ય શું છે ? એવી અમૂલ્ય વસ્તુના માર્ગમાં સાંસારિક પ્રલોભન, દુઃખ, મુશ્કેલીઓ વિગેરે અનેક મુશ્કેલી–અડચણો આવે છે. જો આપણે ત્યાં સુધી પહોંચવું હોય તો હસતાં હસતાં એ સર્વેનો સામનો કરવો પડશે. કોઇ પણ પ્રલોભન, કોઇ પણ સંકટ, કોઇ પણ મુશ્કેલી આપણને ચલાયમાન નહિ કરી શકે; ત્યારે જ આપણે આપણું ધ્યેય પ્રાપ્ત કરી શકશું. જો તમારે પરમાત્માના દરવાજા સુધી પહોંચવું હોય, તો તમારા રસ્તે ઉત્સાહપૂર્વક ચાલ્યા જાઓ. વિઘ્નો અને અડચણોની પરવા ન કરો.

કાર્ય નાનું હોય કે મોટું હોય પણ તે નિમિત્તે સાચા હૃદયથી પૂરેપૂરી શ્રદ્ધાથી પ્રાર્થના કરવી જોઇએ. પછી જુઓ કે તેમને સફળતા મળે છે કે નહિ. પ્રાર્થના કદી નિષ્ફળ જતી જ નથી. પ્રભુ શરણાગતવત્સલ છે, મહાન દયાળુ છે, કૃપાળુ છે, ન્યાયી છે. એના ઉપદેશ અને માર્ગમાં અન્યાયને સ્થાન જ નથી. સારા કાર્યોને માટે સાચા દિલથી કરેલી પ્રાર્થના જરૂર સફળ થાય છે એવો દ્રઢ વિશ્વાસ રાખો. એ પ્રાર્થના અને પ્રભુ પર વિશ્વાસ તમારા વિચારોને પૂરેપૂરા પવિત્ર બનાવી દેશે.

જે પૈસા, જે સમય આપણને ઈશ્વરસેવા અર્થે મળેલા છે તેનો ઉપયોગ તેમાં જ કરવો તે આપણું કર્તવ્ય છે. અન્યથા કરવાથી આપણે કર્તવ્યચ્યુત થઇએ છીએ. કર્તવ્યચ્યુત થવું એ મનુષ્યને માટે ભારે શરમની વાત છે.

આપણે જરા ધ્યાનપૂર્વક વિચાર કરીએ કે આપણે એ પ્રકારના કાર્ય કયારે કરીએ છીએ તો આપણને સ્પષ્ટ માલૂમ પડશે કે જ્યારે આપણે કોઇ વાસના, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યને વશ થઇએ છીએ અને આપણા મનને કાબૂમાં નથી રાખી શકતા ત્યારે જ આપણે એ પ્રકારના કાર્યો કરીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સોનેરી સુવાક્યો.

(સંગ્રાહક-સ. ક. વિ.)

૧. હાથી જેવા મહાન શક્તિમાન પ્રાણીઓ પણ અંકુશના પ્રહારથી પાછા હઠે છે, તેમ મનને પણ વશ કરવા માટે સદ્ સદ્ વિવેકરૂપી અંકુશથી (શુભ વિચારોથી) વશ કરી શકાય છે.

૨. નીતિજ્ઞ પુરૂષોએ શાસ્ત્ર અને લોકવ્યવહારને અનુકૂળ વાણી અને વર્તન રાખવું આવશ્યક છે.

૩. અશિક્ષિત અને જડ અશ્વ તેના સવારને જેમ શત્રુરૂપ નીવડે છે, તેમ સ્વેચ્છાચારી ઇંદ્રિયો અને મન પણ શત્રુરૂપ જ નીવડે છે.

૪. ઘોડા જોડેલો રથ પણ જેવી રીતે સારથી વગરનો નકામો થઇ પડે છે તેવી રીતે ઇંદ્રિયો કે જેની સાથે મન નથી જોડાયું તે કોઇ પણ રીતે શુભ કે અશુભ કરી શકતી નથી.

---

છીએ. આપણી અંદર જ્યાં સુધી આવા પ્રકારની ગંદકી ભરેલી હશે ત્યાં સુધી આપણે પવિત્ર નહિ થઇ શકીએ, આપણા કાર્યો પવિત્ર નહિ થઇ શકે તેમજ આપણા વિચારો પવિત્ર નહિ થઇ શકે. કોઇપણ આત્મકલ્યાણ ઇચ્છનારને માણસ એને જીત્યા વગર કશું પણ કરી શકતો નથી. એના પર વિજય પ્રાપ્ત કરવો એ જો કે સહેલી વાત નથી તો પણ અભ્યાસ કરતાં કરતાં શું નથી થઇ શકતું ? શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે—

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥

સાંસારિક બધા પ્રલોભનો, બધી કામનાઓ, ભોગો વિગેરેથી સર્વથા વૈરાગ્ય અને ભગવદ્પ્રેમમાં હંમેશા નિમગ્ન રહેવાનો હંમેશા અભ્યાસ કરતા રહો. બસ, તમારા વિચારો પોતાની મેળે પવિત્ર થઇ જશે, કામનાઓનો અંત આવી જશે, મન કાબુમાં આવતું જશે અને સચ્ચિદાનંદના ચરણોમાં દિનપ્રતિદિન પ્રેમ વધતો જશે. વિચારોને પવિત્ર રાખવાનું આ સર્વોત્તમ સાધન છે.

ઇતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. કેળવાયેલા અશ્વ પર બેસવાથી જેમ કોઈ જાતનું નુકશાન થતું નથી તેમ કેળવાયેલી ઇંદ્રિયોથી અશુભ થવા સંભવ નથી.

૬. અહંકારરૂપી મદઝરતા માતંગ ઉપર બેઠેલા પુરૂષો આત્મોન્નતિ કરી શકતા નથી.

૭. મહાન પુરૂષો વાણીરૂપી અમૃતનો ગમે તેવો બહોળો ઉપયોગ કરે તોપણ તેની મહત્તા ( વીર્યબલ ) ઘટે નહીં.

૮. જેમ હર્ષાવેશમાં વેદના જણાતી નથી તેવી જ રીતે શોક( દુ:ખ )માં પણ તથાવિધ વેદના જણાતી નથી.

૯. મનનો તાપ અમૃતવૃષ્ટિથી પણ શાંત થતો નથી. તેની શાંતિ માટે જો કાંઇ ઉપાય હોય તો ફક્ત સદ્ સદ્ વિવેકબુદ્ધિથી તેને સમજાવવું જોઇએ.

૧૦. ચંદન જેવા શીતળ ઝાડના લાકડાને પણ જો આપસમાં ઘસવામાં આવે તો અગ્નિ ઉત્પન્ન થાય છે, માટે કોઈને પણ પ્રમાણ કરતાં વધારે કસવા નહીં, કારણ તેમ કરવાથી લાભને બદલે હાની જ થાય છે.

૧૧. જે ભૂમિમાં મહાન પુરૂષો રહ્યા હોય તે ભૂમિ પણ ખરેખર પતિતોને પાવન કરનારી છે ( ત્રિવિધ તાપને હરનારી છે. )

૧૨. સતપુરૂષો દરેક જણ પ્રત્યે સમભાવ રાખીને ઉપદેશ આપે છે, છતાં દરેક જણ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સાર ગ્રહણ કરે છે–કરી શકે છે.

૧૩. વાસ્તવિક ત્યાગ વસ્તુના ત્યાગમાં નથી પરંતુ વસ્તુ પરત્વેના મમત્વને ત્યાગ તે જ ખરો ત્યાગ છે.

૧૪. સમુદ્રમાં જેમ નદીઓ આવીને મળે છે તેવી રીતે શક્તિવંત પુરૂષોને સર્વ પ્રકારની લક્ષ્મી દાસીની જેમ સ્વયમેવ પ્રાપ્ત થાય છે.

૧૫. જેઓ સ્વભાવથી જ વિનીત છે તેને આપવામાં આવેલો ઉપદેશ( જ્ઞાન) સારી દિવાલમાં કુશળ કારીગરને હાથે થયેલા ચિત્રામણ જેવું ચિરંજીવ નીવડે છે.

૧૬. જેમને મૃત્યુને–તમને–અંધકારને જીતવા ઇચ્છા હોય તેમણે પંચેન્દ્રિયના વિષયોને વિષ જેવા જાણીને છોડી દેવા અને ક્ષમા, આર્જવ, દયા, બ્રહ્મચય અને સત્યના ઉપાસક થવું.

૧૭ પાપી માણસ પુન્યને ઓળખતો પણ ન હોય ત્યાં સુધી ઠીક છે, પણ જ્યારે પુન્યને ઓળખે, પાપને ખરાબ છે તેમ જાણે અને છતાં તેવું વર્તન રાખે તો દશગણું પાપ વધે છે

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧. જૈન ગરબાવળી ( ગહુલી સંગ્રહ સાથે )** પંડિત ચંદુલાલકૃત–શેઠ શ્રી માણેકલાલભાઇ ચુનીલાલની આર્થિક સહાયથી. પ્રકાશક-શેઠ શ્રી કાન્તિલાલ ચુનીલાલ. ચોથી આવૃત્તિ. કિંમત ચાર આના. આ સંગ્રહના કર્તા સીનોરનિવાસી પંડિત ચંદુલાલભાઇ જૈનધર્મનું સારૂં જ્ઞાન ધરાવે છે. તેમની આ કૃતિ સાદી અને સરલ છે. ચોથી આવૃતિ તે જ તેની ઉપયોગિતા જણાવે છે.

---

**૨. અધ્યાત્મ પદ્માવળી ભાગ ૧ લો.** પ્રકટકર્તા-શ્રી જૈન પ્રચારક મંડળ-બોટાદ. મુનિરાજ શ્રી નયવિજયજી મહારાજની આ કૃતિ છે. અંદરના પદો વાંચતાં જડ-ચેતનના ભેદો અને વ્યવહાર નિશ્ચયનું સ્વરૂપ બહુ સરલ ભાષામાં આપ્યું છે. કર્તા મુનિરાજશ્રી શાસ્ત્ર અભ્યાસી અને વિદ્વાન હોય તેમ જણાય છે. પદો વાંચવા–મનન કરવા જેવા છે.

---

**૩. સુભાષિત પદ્ય-રત્નાકર ભાગ ત્રીજો**–સંગ્રાહક અને અનુવાદક-મુનિરાજ **શ્રી વિશાળવિજયજી** મહારાજ. સમાલોચનાર્થે અમોને મળેલ છે. જૈન ગ્રંથોમાંથી સુંદર સુભાષિતો અન્ય ગ્રંથોનાં સંગ્રહસહિત અનુવાદ સાથે. આ ગ્રંથમાં વિદ્વાન મુનિરાજ વિશાળવિજયજી મહારાજે કયા શ્લોકો કયાંથી લેવામાં આવેલ છે તેની નોંધ પણ સાથે આપી એક સાહિત્ય તરીકે ગ્રંથ તૈયાર કર્યો છે. આવી જાતનો–આવી રીતનો સંગ્રહ ભાગ્યેજ જોવામાં આવેલ છે. ચારહજાર શ્લોકોના ચાર ભાગ તૈયાર કરવાના હોવાથી આ તેનો ત્રીજો ભાગ શુદ્ધ અને સુંદર રીતે પ્રકટ થયેલ છે. પ્રાતઃસ્મરણીય શ્રી વિજયધર્મસૂરિશ્વરજીના વિદ્વાન પરિવાર મંડળના આ એક વિદ્વાન મુનિશ્રીના હાથે તૈયાર થયેલ ગ્રંથ હોઇ મનનપૂર્વક વાંચવા યોગ્ય છે. ગુરૂરાજની જૈન ગ્રંથમાળાનું આ ૩૮ મું પુસ્તક છે. પ્રકાશક-દીપચંદજી બાંઠીયા. મંત્રી. છોટા શરાફ. મુ. ઉજ્જૈન. આર્થિક સહાયક શેઠ વાડીલાલ પુનમચંદ. રાધનપુર કિંમત રૂા. ૧–૪–૦ પ્રકાશકને ત્યાં મળશે.

---

**૪. શ્રી પ્રશસ્તિ સંગ્રહ.**–સંપાદક–શાહ અમૃતલાલ મગનલાલ. પ્રકાશક–શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજ, જૈન વિદ્યાશાળા.–અમદાવાદ. મૂલ્ય રૂા. પાંચ. શેઠ કસ્તુરભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલભાઇ તરફથી અભિપ્રાય માટે ભેટ મળેલ છે. સંવત ૧૯૮૬ ના પોશ વદિ ૧૩ ના રોજ આ જૈન સાહિત્ય પ્રદર્શન જુદા જુદા બાર વિભાગોમાં રાજનગર શહેરમાં ભરવામાં આવ્યું હતું. જે કાર્ય પ્રથમ હતું. આવા પ્રદર્શનો મુખ્ય મુખ્ય શહેરોમાં દર વર્ષે ભરાવાની જૈન દર્શન માટે જરૂર છે; કે જેનાથી જૈન દર્શનની પ્રાચીનતા–ગૌરવતા વૃદ્ધિ થાય છે. આ પ્રદર્શનની પૂર્ણાહુતિ થતાં જૈનધર્મના સાહિત્ય દ્વારા જૈન અને ભારતવર્ષના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડવા આ **પ્રશસ્તિ સંગ્રહ ગ્રંથ,** અને પ્રદર્શન સર્વ સંગ્રહ એ ગ્રંથો પ્રકટ કરવા પ્રદર્શનની કાર્યવાહક કમીટીને ઇચ્છા થવાથી આ ગ્રંથ પ્રથમ પ્રકટ થયો છે. જુદા જુદા ભંડારોના તાડપત્રીય અને હસ્તલિખિત પ્રતો–ગ્રંથોની પ્રશસ્તિઓ આ ગ્રંથમાં આપવામાં આવી છે. જૈન ઇતિહાસ કે ભારતવર્ષનો ઈતિહાસ તૈયાર કરનારને પ્રશસ્તિઓની નોંધ એ ઇતિહાસ માટે સત્ય પુરાવો છે અને તે વિના સાચો ઈતિહાસ રચી શકાય નહિં જેથી આ પ્રશસ્તિ સંગ્રહ ગ્રંથ ઇતિહાસ માટે જરૂર ઉપયોગી સાધન તૈયાર થયું છે. હજી હિંદના જૈન જ્ઞાનભંડારોમાંહે જ્યાં જ્યાં જે જે ગ્રંથ હોય તેની પણ પ્રશસ્તિ સંગ્રહ આવા ગ્રંથરૂપે પ્રકટ થવાની આવસ્યક્તા જોઇએ છીયે. પ્રકટકર્તા સંસ્થા આ કાર્ય પોતાથી શરૂ કરે તેમ ઇચ્છીયે છીયે. પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. તેમજ ઇતિહાસકર્ત્તા માટે આવશ્યક અંગ છે. તેમ જૈન લાઇબ્રેરીઓ જ્ઞાનભંડારે પણ સંગ્રહવા યોગ્ય છે. પ્રશસ્તિ સંગ્રહના પાછળના ભાગમાં પ્રશસ્તિઓમાં આવેલ સંવત, ગ્રામ, નગરો તથા રાજા મહારાજાઓના ગચ્છ પક્ષાદિ, આચાર્યાદિ, સાધ્વીજીઓ, શ્રાવકકુલ ગોત્રાદિ, શ્રાવકો, શ્રાવિકાઓ કે જે જે આ પ્રશસ્તિ સંગ્રહમાં આવેલા છે તેનું કક્કાવારી પ્રમાણેનું લીસ્ટ તેના કયા પાને અને કયા નંબરની પ્રતમાં છે તે અનુક્રમે બે વિભાગ–પ્રથમ તાડપત્રીય સંગ્રહ, બીજા વિભાગમાં હસ્તલિખિત પ્રતના વિભાગમાં, પરિશિષ્ટ તરીકે પાછળના ભાગમાં આપી ઘણી જ સરલતા ઇતિહાસ રચનાર અને જિજ્ઞાસુ માટે કરી આપી છે. જૈન સાહિત્ય પ્રકાશનમાં આ ગ્રંથથી એક ઉપયોગી અને આવસ્યક સાહિત્ય ગ્રંથનો ઉમેરો થયો છે.

---

**૫. હેમચન્દ્ર–વચનામૃત–સંપાદક અને સંગૃહીત–મુનિ શ્રી જયંતવિજયજી.** શ્રી હેમચંદ્રાચાર્યજીએ રચેલ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રના દશ પર્વોમાંથી સંગ્રહીત કરેલા આ વચનામૃતો છે કે જે બાલજીવો, વિદ્વાનો, ઉપદેશકો, વક્તાઓ, વ્યાખ્યાનકારો વગેરેને અતિ ઉપયોગી સંગ્રહ છે. મૂળ શ્લોકો કે સૂત્ર સાથે વિદ્વત્તાપૂર્ણ અનુવાદ આપીને સંપાદક મુનિ મહારાજે ગુજરાતી ભાષાના જાણકાર ઉપર પણ ઉપકાર કરેલો છે. આ તેનો ત્રીજો ભાગ છે. આ ગ્રંથને માટે વિશેષ લખવા કરતાં તે મનનપૂર્વક વાંચી જવા સૂચવીયે છીયે. અમૂલ્ય પ્રયત્નવડે તૈયાર કરેલ મહાપુરૂષની પ્રસાદિરૂપ આ ગ્રંથ તૈયાર કરી પ્રકાશમાં લાવવા માટે સંપાદક મહારાજશ્રીએ જૈન સમાજ પર ઉપકાર કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

પંજાબ દેશ તરફ વિહાર કરતા આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજે પોતાના સુશિષ્યો અને પ્રશિષ્યો સહિત ઉમેદપુર શ્રી પાર્શ્વનાથ વિદ્યાલયમાં પધાર્યા હતા. ત્યાં ગઇ ફાગણ શુદ ૧૦ના રોજ પ્રતિષ્ઠિત કરવાના જિનબિંબોની અંજનશલાકા એ પવિત્ર મહાપુરૂષ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ કરી હતી અને ત્યાંથી પંજાબ તરફ વિહાર કરી ગયા છે. ( મળેલું. )

---

## પંજાબના યાત્રિક સંઘનો સત્કાર.

ગુજરાનવાલાથી આશરે સવાસો યાત્રિકોનો એક સંઘ તા. ૧૩મીના રોજ શ્રી સિદ્ધાચળજી પધારતાં મોતીસુખીયાની ધર્મશાળામાં રાધનપુરનિવાસી શેઠ **કાંતિલાલભાઇ ઇશ્વરલાલ** તરફથી તેઓશ્રીની સૂચના મુજબ આ સભાના સેક્રેટરી વગેરેએ પાલીતાણા જઇ સ્વામીવાત્સલ્ય વગેરેથી પંજાબ શ્રી સંઘનો સારો સત્કાર કર્યો હતો.

---

કિંમત આઠ આના. મળવાનું સ્થળ અને પ્રકાશક-દીપચંદજી બાંઠીયા. શ્રી વિજયધર્મ-સૂરિ **જૈન** ગ્રંથમાળા. છોટા શરાફા-ઉજ્જેન ( માળવા. )

---

## શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા--વાર્ષિક સામાન્ય સભાનો હેવાલ સં. ૧૯૯૨-૯૩ નો રિપોર્ટ.

બેંતાળીશ વર્ષથી ચાલતી આ સંસ્થા જેમાં કે કેળવણી આપનારી મુંબઇની જૈન સંસ્થામાં આ સંસ્થા લાંબા વખતથી મોખરે છે. વ્યવસ્થિત અને ધારાધોરણને અનુસરી કન્યા કેળવણી જૈન કન્યાશાળાથી ચલાવે છે. ઘણા શ્રીમંતો, સભ્યો, કાર્યવાહકો લાગણીવાળા હોવા છતાં હજી આ સંસ્થા-કન્યાશાળા માટે મકાન અને તેને હાઇસ્કુલના સ્વરૂપમાં ફેરવવા માટેની તેની કમીટીની માંગણી જરૂરીયાતવાળી હોઇ મુંબઇના જૈન શ્રીમંતોએ પહેલી તકે તે માટે આર્થિક મદદ આપી તે આવશ્યકતા પૂરી પાડવાની જરૂર છે. હિસાબ વગેરે વ્યવસ્થિત છે-અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇ વૃજલાલ ભુરાભાઇનો સ્વર્ગવાસ.

ભાઇ વૃજલાલ છેલ્લા વીશ વર્ષથી આ સભાના સભાસદ હતા. તેઓએ આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં ઘણા વર્ષ પ્રીન્ટર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ મહોદય પ્રેસની શરૂઆતથી તેઓ ત્યાં પણ કંપોઝ ખાતાના પ્રીન્ટરના સ્થાન ઉપર હતા. તેઓ પ્રેસ ખાતાનો બહોળો અનુભવ ધરાવતા હતા. અને સ્વભાવે શાંત, મીલનસાર, માયાળુ અને ધર્મમાં શ્રદ્ધાવાળા હતા. ફક્ત એક અઠવાડીયાની માંદગી ભોગવી ફાગણ શુદી ૧ ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના અવસાનથી એક લાયક સભાસદની અમોને ખોટ પડી છે. જેથી અમો અમારી દીલગીરી જાહેર કરવા સાથે તેમના કુટુંબને આશ્વાસન આપીએ છીયે.

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬

૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, રૂા. ૦-૧૦-૦

૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧–૪–૦ રૂા. ૧–૧૨–૦.

૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂા. ૦-૨–૦

૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. ચરિત્ર પૂજા સાથે. રૂા ૦–૪–૦

૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) રૂા. ૦–૧૦–૦

૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ–વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦–૧૨–૦

---

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग

५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री बृहत्कल्प भाग ४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇ વૃજલાલ ભુરાભાઇનો સ્વર્ગવાસ.

ભાઇ વૃજલાલ છેલ્લા વીશ વર્ષથી આ સભાના સભાસદ હતા. તેઓએ આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં ઘણા વર્ષ પ્રીન્ટર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ મહોદય પ્રેસની શરૂઆતથી તેઓ ત્યાં પણ કંપોઝ ખાતાના પ્રીન્ટરના સ્થાન ઉપર હતા. તેઓ પ્રેસ ખાતાનો બહોળો અનુભવ ધરાવતા હતા. અને સ્વભાવે શાંત, મીલનસાર, માયાળુ અને ધર્મમાં શ્રદ્ધાવાળા હતા. ફક્ત એક અઠવાડીયાની માંદગી ભોગવી ફાગણ શુદી ૧ ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના અવસાનથી એક લાયક સભાસદની અમોને ખોટ પડી છે. જેથી અમો અમારી દીલગીરી જાહેર કરવા સાથે તેમના કુટુંબને આશ્વાસન આપીએ છીયે.

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂ. ૦–૨–૬ |
| ૨ | **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** „ „ | રૂ. ૦-૧૦-૦ |
| ૩ | **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** „ „ ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂ. ૧–૪–૦ રૂ. ૧–૧૨–૦. | |
| ૪ | **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** | રૂ. ૦–૨–૦ |
| ૫ | **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. ચરિત્ર પૂજા સાથે. | રૂ ૦–૪–૦ |
| ૬ | **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) | રૂ. ૦–૧૦–૦ |
| ૭ | **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ–વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). | રૂ. ૦–૧૨–૦ |

---

## છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ૨ श्री मलयगिरि व्याकरण.

૩ श्री वसुदेवहिंडि त्रीजो भाग

५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री बृहत्कल्प भाग ४

For Private And Personal Use Only